# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ધોરણ-10ના રીપિટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની જુલાઈ-2021ની જાહેર પરીક્ષા તા:-૧૫/૦૭/૨૦૨૧ થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (હૉલટીકીટ) તા.૦૭/૦૭/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી બોર્ડની વેબસાઇટ **ssc.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઇન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી. દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર (હૉલટીકીટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના જુલાઈ - 2021 પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયો/માધ્યમની ખરાઇ કરીને તેમાં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીના સહી-સિક્કા (અડધી સહી અને સિક્કા ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે અને તેની સાથે પરીક્ષાર્થીને પરીક્ષા માટેની ધોરણ-10ની સૂચના (નં. 01 થી 12)ની પ્રિન્ટ પરીક્ષાર્થી અને આચાર્યશ્રીની સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર (હૉલટીકીટ) સાથે ઓનલાઇન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર (હૉલટીકીટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો.

તારીખ : ૦૬/૦૭/૨૦૨૧
સ્થળ : ગાંધીનગર

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/8955
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. 7/૦૭/૨૦૨૧

નકલ રવાના જાણ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.